ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪માં સુધારા કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ મશબ / ૧૨૨૦ / ૭૮૨ / છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૧૭/૧૧/૨૦૨૧.

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૫/૧૧/૨૦૨૦નો સમાન ક્રમાંકનો ઠરાવ.

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૫/૦૫/૨૦૨૧નો સમાન ક્રમાંકનો ઠરાવ.

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા.૧૨/૧૦/૨૦૨૧ નો પત્ર ક્રમાંકઃમઉમશબ/શા.નિ/૨૦૨૧/૬૨૨૨.

આ મુ ખઃ-

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના તા.૨૫/૧૧/૨૦૨૦ના સમાન ક્રમાંકના ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં આનુષાંગિક સુધારા કરવામાં આવેલ છે. જે તે સમયે કોરોના (કોવિડ-૧૯)ની ફેલાયેલી વૈશ્વિક મહામારીના કારણે બોર્ડની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ યોજી શકાયેલ ન હોવાથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની મહત્વની કામગીરી માટે શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના ઠરાવથી કામચલાઉ ધોરણે કારોબારી સમિતિની રચના કરવામાં આવેલ હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ-3(૨) માં સભ્ય સંખ્યામાં ઘટાડો થવાને કારણે બોર્ડ હસ્તકની કારોબારી સમિતિ, પરીક્ષા સમિતિ, શૈક્ષણિક સમિતિ, અભ્યાસ સમિતિ તેમજ નાણા સમિતિના સભ્યોની સંખ્યામાં આ સાથે સામેલ પત્રક-ક મુજબ ફેરફાર કરવો જરૂરી હોવાથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામેના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

શ્રી મેવાડા
25.11.21

Srqlar 329

ઉઈએ/૫૯૬/PT
૨૬/૧૧/૨૧

ઠ રા વ:-

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં બોર્ડ હસ્તકની કારોબારી સમિતિ, પરીક્ષા સમિતિ, શૈક્ષણિક સમિતિ, અભ્યાસ સમિતિ તેમજ નાણા સમિતિના સભ્યોની સંખ્યામાં આ સાથે સામેલ પત્રક-ઠ મુજબ હાલની જોગવાઇના બદલે સુધારેલી જોગવાઇને આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૦/૧૧/૨૦૨૧ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મૌલિકા શાહ )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ-શાખા, ગ-૧ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ.

શિક્ષણ વિભાગના તા.૧૭/૧૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૨૦/૭૮૨/છ સાથેનું બિડાણ

પત્રક-ઠ

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | **કારોબારી સમિતિ** | |
| ૧ | ૭(૧) | કારોબારી સમિતિ બોર્ડે ચૂંટેલા નીચેના છ (૦૬) સભ્યોની બનશે. | કારોબારી સમિતિ બોર્ડે ચૂંટેલા નીચેના સાત (૦૭) સભ્યોની બનશે. |
| ૨ | ૭(૧)(૨) | કલમ-૩(૨)માં ઉલ્લેખેલા વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોમાંથી બોર્ડે નીમવાના બે (૦૨) સભ્યો | કલમ-૩(૨)માં ઉલ્લેખેલા વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોમાંથી બોર્ડે નીમવાના ત્રણ (૦૩) સભ્યો |
| ૩ | ૭(૨) | અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ કારોબારી સમિતિના સભ્ય ગણાશે. | અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ કારોબારી સમિતિના સભ્ય ગણાશે. |
| | | **પરીક્ષા સમિતિ** | |
| ૪ | ૮(૧)(૩) | વર્ગ-ક હોદ્દાની રૂએના સભ્યોમાંથી બોર્ડે નીમેલા બે (૦૨) સભ્યો | વર્ગ-ક હોદ્દાની રૂએના સભ્યોમાંથી બોર્ડે નીમેલા ત્રણ (૦૩) સભ્યો |
| ૫ | ૮(૧)(૪) | ખંડ (૩)માં ઉલ્લેખેલા હોય તે સિવાયના બોર્ડના સભ્યોમાંથી બોર્ડે નીમવાના ત્રણ (૦૩) સભ્યો | વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોમાંથી નીમવાના ત્રણ (૦૩) સભ્યો |
| ૬ | ૮(૧)(૫) | શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/ ૧૨૨૦/ ૭૮૨/છ, તા.૨૫/૧૧/૨૦૨૦ થી રદ કર્યું. | વર્ગ-ગ નામ-નિયુક્ત સભ્યોમાંથી નીમવાના એક (૦૧) સભ્ય |
| | | **શૈક્ષણિક સમિતિ** | |
| ૭ | ૮(ક)(૨) | અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ઉપરાંત તેમાં આઠ સભ્યો રહેશે, તેમાંના ત્રણ સભ્યો બોર્ડના ચાલુ સભ્યોમાંથી રહેશે અને પાંચ સભ્યો, બોર્ડના અધ્યક્ષે તૈયાર કરેલી સૂચિમાંથી બોર્ડે પસંદ કરવાના અકાદમીના જાણીતા બિન-સભ્યોમાંથી રહેશે. | અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ઉપરાંત તેમાં નવ (૦૯) સભ્યો રહેશે,<br>(૧) વર્ગ-ક હોદ્દાની રૂએ સભ્યોમાંથી નીમવાના બે (૦૨) સભ્યો<br>(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોમાંથી નીમવાના ત્રણ (૦૩) સભ્યો<br>(3) વર્ગ-ગ નામ-નિયુક્ત સભ્યોમાંથી નીમવાના એક (૦૧) સભ્ય |

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|---|
| | | | (૪) ત્રણ (૦૩) સભ્યો, બોર્ડના અધ્યક્ષે તૈયાર કરેલી સૂચિમાંથી બોર્ડે પસંદ કરવાના અકાદમીના જાણીતા બિન-સભ્યોમાંથી રહેશે. |
| | | **અભ્યાસ સમિતિ** | |
| ૮ | ૮(ખ)(૨) | આવી દરેક સમિતિ ત્રણથી ઓછા નહિ અને પાંચથી વધુ નહિ તેટલા સભ્યોની બનશે, જેમાંના સંબંધિત વિષયના શિક્ષણવિદ્/તજજ્ઞશ્રી સભ્ય જે તે સમિતિના કન્વીનર તરીકે કાર્ય કરશે. તેમજ આવી અભ્યાસ સમિતિમાં બોર્ડના સભ્યનો સમાવેશ કરવાનો રહેશે. | આવી દરેક સમિતિ ત્રણથી ઓછા નહિ અને પાંચથી વધુ નહિ તેટલા સભ્યોની બનશે,<br>(૧) વર્ગ-ક હોદ્દાની રૂએ સભ્યોમાંથી નીમવાના એક (૦૧) સભ્ય<br>(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોમાંથી નીમવાના બે (૦૨) સભ્યો<br>(૩) સંબંધિત વિષયના કુલ બે (૦૨) શિક્ષણવિદ્/તજજ્ઞશ્રી સભ્યની પસંદગી કરવાની રહેશે.<br>જે તે સમિતિના વર્ગ-ક હોદ્દાની રૂએ નીમાયેલ સભ્ય જે તે વિષયની સમિતિના કન્વીનર તરીકે કાર્ય કરશે. |
| | | **નાણાં સમિતિ** | |
| ૯ | ૮(ગ) | બોર્ડ, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ અને નીચે પ્રમાણે પાંચ (૦૫) અન્ય સભ્યોની બનેલી નાણાં સમિતિ નીમશે. | બોર્ડ, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ અને નીચે પ્રમાણે છ (૦૬) અન્ય સભ્યોની બનેલી નાણાં સમિતિ નીમશે. |
| ૧૦ | ૮(ગ)(ખ) | હોદ્દાની રૂએના સભ્યો સિવાયના બોર્ડના તમામ સભ્યોમાંથી બે (૦૨) સભ્યો | વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોમાંથી નીમવાના બે (૦૨) સભ્યો |

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|---|
| ૧૧ | ૮(ગ)(ખ)(૧) | જોગવાઈ નથી | વર્ગ-ગ નામ-નિયુક્ત સભ્યોમાંથી નીમવાના એક (૦૧) સભ્ય |

(મૌલિકા શાહ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ